**<u>ફો.કે.ન–૧૧૬૭/૨૦૨૨</u>**

**<u>આંક –૧ તળે હુકમ</u>**

(૧) ફરીયાદપક્ષ દવારા આરોપી સામે હાલનુ આ ચાર્જશીટ જી.પી.એકટની ક.૧૨૨(સી) હેઠળના ગુન્હાના સબંધમાં કરવામાં આવેલ છે પરંતુ કેસનુ રેકર્ડ અને રોજકામ ઘ્યાને લેતા, એવુ ફલીત થાય છે કે, અનેક વખત સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે. પરંતુ આજદીન સુધી હાલના આરોપી મળી આવેલ નથી.

આમ ફરીયાદપક્ષને પુરતી તક આપવા છતાં ફરીયાદપક્ષ અને પોલીસ આરોપીને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તથા પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી. આમ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવુ જણાતું નથી. તેમજ હાલના તબકકે **નામદાર સુપ્રીમ કોર્ટના પી.આર.રાજ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક જી.એલ.આર. ૨૦૧૪ પેજ નં. ૧૫૪૯**માં ઠરાવેલ માર્ગદર્શક સિઘ્ધાંતો ઘ્યાને લેતા હાલનો કેસ ચાલુ રાખવાથી કોર્ટનો કિંમતી સમય તેમજ સરકારના નાણાનો વ્યય થાય તેમ છે. આરોપી સામેના ગુનાનો પ્રકાર, પ્રમાણ તેમજ થનાર સંભવીત સજાની જોગવાઈ ઘ્યાને લેતા, અને આરોપીની હાજરી વગર કેસ આગળ ચલાવી શકાય તેમ જણાતું ન હોય જેથી આ કેસની આગળની કાર્યવાહી સી.આર.પી.સી. ની કલમ–૨૫૮ નો ઉપયોગ કરવો યોગ્ય અને ન્યાયોચીત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–: હ ક મ :–**

આ કેસની કાર્યવાહી ફોજદારી કાર્યસંહિતાની કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુઘ્ધની હાલની કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ કેસમાંથી આરોપીને જી.પી.એકટની ક.૧૨૨(સી)ના ગુન્હાના તહોમતમાંથી બીનતહોમત છોડી મુકવામાં આવે છે. જો આરોપી ભવિષ્યમાં મળી આવે કે નીકળે તો તેની સામેની કાર્યવાહી કિ .પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબની આ કોર્ટ દવારા પરવાનગી અપાયેલ છે તેમ જાણી જે–તે તબકકેથી કેસ આગળ ચલાવવો.

હુકમ આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૪ નારોજ ખુલ્લી નેશનલ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯.૦૩.૨૦૨૪.
સ્થળ : હારીજ

( કે.એન.પુરાણી)
જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, હારીજ.
કોડ નં. જી.જે. ૦૧૫૨૮
સ્પેશ્યલ સીટીંગ